ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ

**બારડોલી કાર્યાલયઃ** ૩, શ્રેયસ કોમ્પલેક્ષ, વામદોત પેટ્રોલ પંપની સામે, સરદાર બાગ, બારડોલી-૨ : ૦૨૬૨૨-૨૨૦૪૮૪, ૯૮૨૪૩૫૩૬૭૫ **કામરેજ** : ૯૮૯૮૨૧૫૪૦૦- ૯૮૨૫૧૦૯૮૯૬ **પલસાણા** : ૯૮૨૪૧૪૩૦૨૩ **સાયણ** : ૨૪૨૩૪૩ **ઓલપાડ** : ૯૮૯૮૪૦૬૬૯૮ **મહુવા** : ૯૪૨૭૧૨૫૬૨૫
**વ્યારા કાર્યાલયઃ** ૧૦૪, પહેલા માળે જે.બી. એન્ડ એસ એ સ્કૂલ શોપિંગ સેન્ટર, ટાવર રોડ, વ્યારા જી.તાપી : ૮૯૮૦૧ ૬૩૧૬૩ **વાલોડ:** ૯૮૭૯૯૨૧૪૭૭ **ભરૂચ કાર્યાલયઃ** ૧૦૨ હરિકૃષ્ણ ગોલ્ડન પ્લાઝા કોમ્પલેક્ષ, વરિયા હોસ્પિટલ પાસે, સુપર માર્કેટ, સ્ટેશન રોડ-ભરૂચઃ ૯૪૨૭૧૧૬૯૧૬, **અંકલેશ્વર :** ૯૮૭૯૩૪૪૪૫૫, ૯૮૨૫૪૨૯૦૦૧

### ગાયપગલા જૂથ પાણી પુરવઠા યોજનાના બે પંપ ફૂંકાઈ ગયાં

# ૩૨ ગામના લોકો ચાર દિવસથી પાણીથી વંચિત

**આ યોજનાનાં** સંચાલન માટે લાઇન વિભાગ અને મશીનરી વિભાગને બે અલગ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા છે

**ઈનટેક** ઉપર મુકાયેલી ત્રણ મોટરોમાંથી બે મોટરો બગડી જતા સમસ્યા સર્જાઇ

**મોટરો** અમદાવાદથી ક્યારે રિપેર થઈને આવશે એનો જવાબ કોન્ટ્રાક્ટર પાસે નથી

મોસાલીઃ સરકારનાં પાણી પુરવઠા વિભાગ દ્વારા ગાયપગલા જૂથ પાણી પુરવઠા યોજના ઉભી કરવામાં આવી છે. જેથી પ્રજાજનોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે. આ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ યોજના થકી ૩૨ જેટલા ગામોની પ્રજાને પાણી પૂરૂ પાડવામાં આવે છે. યોજનાનાં સંચાલન અને નિભાવ માટે ખાનગી કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જેમાં બે કોન્ટ્રાક્ટનો સમાવેશ થાય છે. એક કોન્ટ્રાક્ટ પાઈપલાઈનની જાળવણી તથા વાલની કામગીરી માટે જ્યારે બીજો કોન્ટ્રાક્ટ મશીનરીનો આપવામાં આવ્યો છે. જેણે ઈલેક્ટ્રીક મોટરો સહિતની મશીનરીની દેખરેખ રાખવાની હોય છે. પરંતુ છેલ્લા ચાર દિવસથી આ યોજના થકી અપાતું પાણી બંધ થયું છે. આમ ભર ચોમાસે પાણીનો કકળાટ પ્રજાજનોમાં ઉભો થયો છે. આ પ્રશ્ને બોધાનના ગ્રામ પંચાયત સદસ્ય દિપક બી. રોહિત તથા માજી ઉપસરપંચ મોહમદ હનીફ ધરીયા દ્વારા સંબંધિત વિભાગોને ફરિયાદ કરાઈ છે. છતાં પાણીનો પ્રશ્ન હલ થયો નથી.

આ પ્રશ્ને લાઈનનો કોન્ટ્રાક્ટ રાખનાર એજન્સીનાં કર્મચારીઓને પૂછતાં તેણે જણાવ્યું કે કેટલાક સ્થળે લાઈનો લીકેજ થઈ હતી. તે કામગીરી અમે પૂર્ણ કરી દીધી છે. પરંતુ મશીનરી વિભાગનો પ્રશ્ન હલ થયો ન હોય પાણી આપવાનું શરૂ કરાયું નથી. ત્યારબાદ મશીનરી કર્મચારીને પૂછતાં જવાબ મળ્યો કે ઇનટેક ઉપર કુલ ત્રણ હેવી ઇલેક્ટ્રીક મોટરો મુકવામાં આવી છે. જેમાંથી એકી સાથે બે મોટરો બગડી જતાં પાણી આપવાનું બંધ કરાયું છે. ત્રણમાંથી બે મોટરો ચલાવવાની હોય છે અને એક મોટર સ્ટેન્ડ બાય રાખવાની હોય છે. પરંતુ એક સાથે બે મોટરો બગડી જતાં આ બંને મોટરો રિપેરીંગ માટે અમદાવાદ રવાના કરવામાં આવી છે. આ મોટરો ક્યારે રિપેર થઈને આવશે? એવો પ્રશ્ન પૂછતાં જવાબ મળ્યો કે આ માટે હું તપાસ કરીને તમને જણાવીશ. આમ કોન્ટ્રાક્ટરની બેદરકારીને પગલે પ્રજાજનોને પાણી મળી રહ્યું નથી.

# ઝઘડીયાના ગોવાલી ગામની બરોડા ગુજરાત ગ્રામિણ બેંકના તાળા તૂટયા





સુરેશ ગાંધી

**તસ્કરોને** રોકડ નહીં મળી તો કમ્પ્યુટરનું સી.પી.યુ. તથા સી.સી. કેમેરાનું ડેટા બેકઅપ ડિવાઇસ ચોરી ગયા

અંકલેશ્વરઃ ઝઘડીયા તાલુકાના ગોવાલી ગામની બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના તાળા તોડી તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. તસ્કરોએ બેંકના મુખ્ય દરવાજાની લોખંડની બારીનું તથા દરવાજાનું તાળું તોડી બેંકમાં રાખેલા કમ્પ્યુટરનું સીપીયુ તથા સીસી કેમેરાની ડેટાબેકઅપ ડિવાઇસ ચોરી કરી ગયા છે. તસ્કરો દ્વારા બેંક રૂમમાં દસ્તાવેજો રાખવાના લોખંડના કબાટને તોડી રૂમનો સરસામાન વેરવિખેર કરી નાંખી તરખાટ મચાવ્યો હતો.

ઝઘડીયા તાલુકાના ગોવાલી ગામમાં બરોડા ગુજરાત ગ્રામીણ બેંકની શાખા આવેલી છે. ગયા શનિ-રવિની રજા હોય, શુક્રવારે સાંજે બેંક મેનેજર બંધ કરી ગયા હતા. સોમવારે વહેલી સવારે બેંકના મકાન માલિકે બેંક મેનેજર કલ્પેશ રાવલને ફોન કરી બેંકમાં ચોરી થયાની જાણ કરી હતી. તસ્કરો દ્વારા બેંકના મુખ્ય દરવાજાની લોખંડની બારીનું તાળુ તોડી લાકડાના દરવાજાનું તાળુ તોડી બેંક રૂમમાં પ્રવેશ્યા હતા. બેંક રૂમમાં રાખેલું કમ્પ્યુટરનું સીપીયુ તથા સીસીટીવીના ડેટા બેકઅપ ડિવાઇસ ચોરી કરી લઇ ગયા હતા. તથા બેંક રૂમમાં દસ્તાવેજો મુકવાનો લોખંડનો કબાટ તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બેંકમાંથી રોકડ નાણા હાથ લાગ્યા ન હતા. બેંક મેનેજરે ઝઘડીયા પોલીસનો સંપર્ક કરી ઘટનાથી વાકેફ કર્યા હતા. ઝઘડીયા પોલીસે ઘટના સ્થળ પર પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે બરોડા ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજરે ઝઘડીયા પોલીસ મથકમાં બેંકમાં ચોરી થયાની ઘટનાની ફરિયાદ નોંધાવી હતી.

### કીમ નદીનાં પૂલ નીચેથી પોટલામાં બાંધેલી હાલતમાં વૃધ્ધાની લાશ મળી

હથોડાઃ સોમવારે મોડી સાંજે સાત વાગ્યેના અરસામાં કોસંબા-કીમ રોડ પર આવેલી કીમ નદીના પુલની નીચેથી પોટલુ બાંધેલી હાલતે વૃધ્ધાની લાશ મળી આવતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ઘટના સ્થળેથી તેમજ કોસંબા પોલીસ દ્વારા જાણવા મળેલી વિગત મુજબ કોસંબાથી કીમ તરફ જતા ટુંકા માર્ગે વચ્ચે આવેલી કીમ નદીના પૂલની નીચે એક પોટલામાં પેક કરાયેલી હાલતે કોઇ અજાણી વૃધ્ધાની લાશ હોવાનું જણાતા જે અંગેની જાણ કોસંબા પોલીસને તેમજ વિસ્તારની જનતાને થતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળે ઉમટી પડી કોઇ હત્યારાઓએ કરેલા કૃત્ય અંગે રોષ ઠાલવ્યો હતો. મળેલી લાશ અંગે કોઇ અજાણ્યા હત્યારાઓએ કોઇ અન્ય જગ્યાએ ડોશીમાની કોઇ કારણસર હત્યા કરી લાશને પોટલામાં બાંધી સુમસાન વિરાન જગ્યામાં અત્રે લાશનો નિકાલ કર્યાની ચર્ચા થઇ રહી છે. મળેલી લાશ અંગે કોસંબા પોલીસ દ્વારા જો ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો મળેલી લાશનું રહસ્ય બહાર આવે તેમ છે.

# વાગરા - વિલાયત GIDCમાં વિસ્તારવાદ વકરતા ટ્રાન્સપોર્ટરોમાં ઘર્ષણના એંધાણ

**મુઠ્ઠીભર** સ્થાનિક ટ્રાન્સપોર્ટરોએ જીલ્લાની અન્ય ટ્રાન્સપોર્ટ એજન્સીને કામ નહી આપવા માટે ઔદ્યોગિક ક્ષેત્રો પર દબાણ કરતા વિવાદ



ભરૂચઃ ભરૂચ જિલ્લાનો ઔદ્યોગિક વિકાસ થતા માલવહન માટે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગનો પણ વિકાસ થયો છે. જેમાં વિસ્તારવાદ વકરતા ટ્રાન્સપોર્ટરોમાં ઘર્ષણ થવાના એંધાણ ઉભા થયા છે. વાગરા અને વિલાયત જી.આઇ.ડી.સી.ના સ્થાનિક ટ્રાન્સપોર્ટરોએ જિલ્લાના અન્ય ટ્રાન્સપોર્ટરોને કોન્ટ્રાક્ટ ન આપવા દબાણ કરી ધાક-ધમકીઓ આપતા વિવાદ વકર્યો છે.

ભરૂચ જિલ્લામાં દહેજ, વિલાયત અને વાગરા જીઆઇડીસીમાં ઔદ્યોગિક વિકાસ થતા તેને સંલગ્ન ફેકટરી, બિલ્ડીંગોના બાંધકામ, રેતી કપચી, ગ્રીટ, બોલ્ડર, કવોરીડસ્ટ જેવા સામાન સહિતની ચીજવસ્તુઓ વહન કરવા માટે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં પણ વિકાસ થયો છે. જોકે છેલ્લા કેટલાક સમયથી આ ઔદ્યોગિક વિસ્તારોમાં કેટલાક સ્થાનિક લોકો વિસ્તારવાદના વિવાદને વેગ આપી રહ્યા છે.

જેમાં કંપનીઓ ઉપર જિલ્લાના અન્ય ટ્રાન્સપોર્ટરોને કામ ન આપવા માટે દબાણ કરવામાં આવે છે. તેને લઇ ટ્રાન્સપોર્ટ લાઇનના ક્ષેત્રે વાતાવરણ ગરમાયું છે. સ્થાનિક ટ્રાન્સપોર્ટરોની દાદાગીરી વધતા આખરે જિલ્લાના ટ્રાન્સપોર્ટરોએ આ અંગે જિલ્લા કલેકટરને આ અંગે આવેદન આપી ન્યાયની માગ ઉઠાવી છે અને અશાંતિ ઉભી કરે તેવા લોકો સામે કાયદેસરના પગલાં ભરવાની માગ કરી છે.

# ભરૂચ જિ.પં.આરોગ્ય વિભાગમાં કરાર આધારિત કર્મચારીઓની કાયમી કરવા માગ

**સમાન** કામ-સમાન વેતનની પણ માંગણી સાથે જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર આપ્યું

**માંગણી** નહીં સંતોષાય તો ૨૮મીથી અચોક્કસ મુદ્દતની સામૂહિક સજા પર ઉતરવાની ચિમકી આપી



ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયત આરોગ્ય શાખામાં વિવિધ હોદ્દાઓ પર કરાર આધારિત કાર્ય કરતા કર્મચારીઓએ સમાન કામ, સમાન વેતન અને જોબ સિક્યુરીટી સાથે તેમને કાયમી કરવાની માગ ઉઠાવી , જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદન આપી માંગણી ન સંતોષાય તો ૨૮ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદ્દતની સામૂહિક રજા પર ઉતરી જવાની ચિમકી ઉચ્ચારી હતી.

કરાર આધારિત કર્મચારીઓએ જિલ્લા અધિકારીને આપેલા આવેદન મુજબ નેશનલ હેલ્થ મીશન અંતર્ગત રીજીયન કક્ષાએ જિલ્લા કક્ષાએ તાલુકા કક્ષાએ અને પ્રાથમિક આરોગ્ય કક્ષાએ વિવિધ પોસ્ટ પર કરાર આધારિત કર્મચારીઓ કામ કરે છે. આ કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક તેમની ફરજ બજાવે છે, જેમના કારણે સંસ્થાકિય પ્રસૂતિ, માતા મૃત્યુદર, બાળ મૃત્યુદર અને સેક્સ રેશિયામાં ઘણો બધો સુધાર જોવા મળે છે. પરંતુ છેલ્લા ૧૨ વર્ષથી આ તમામ કર્મચારીઓ ફરજ બજાવે છે, છતાં કાયમી કર્મચારીઓ કરતાં તેમને ખૂબ ઓછો પગાર મળે છે. વધતી જતી મોંઘવારીમાં તેમને મળતા પગારમાં તેમના પરિવારોનું ભરણપોષણ થતું નથી. એટલું જ નહિં કરાર આધારિત નિયુક્તિ થયેલી હોવાથી તેમને જોબ સિક્યુરીટી પણ હોતી નથી. જેને ધ્યાનમાં લઇ ન્યાયની માગ તેમણે ઉઠાવી છે. આગામી ૨૭ સપ્ટેમ્બર સુધીમાં આ માંગણીઓ ન સંતોષાય તો ૨૮ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ અમુદ્દતની સામુહિક રજા પર ઉતરી જશે. તેવી ચિમકી પણ આવેદનમાં ઉચ્ચારવામાં આવી છે.

**કર્મચારીઓની માંગણીઓ**

(૧) ૫૮ વર્ષ સુધીની જોબ સિક્યુરીટી આપવામાં આવે (૨) સમાન કામ સમાન વેતન અંતર્ગત યોગ્ય પગાર ધોરણ આપવામાં આવે (૩) બજેટમાં તેમની જગ્યાઓનું મહેકમ મંજૂર કરી કાયમ કરવામાં આવે (૪) પદ અને શિક્ષણ મુજબ યોગ્ય પગારધોરણ આપવામાં આવે (૫) કાયમી કર્મચારીને મળતા તમામ આર્થિક લાભો આપવામાં આવે (૬) ૧૮૦ દિવસની મેટરનીટી લીવ પગાર સાથે આપવામાં આવે (૭) ચાલુ નોકરીએ કર્મચારીનું મૃત્યુ થાય તો તેને નિયમ મુજબના લાભ આપવામાં આવે.

## સંક્ષિપ્ત સમાચાર

### સરભોણમાં શંકાસ્પદ બે ટ્રકના ચાલકો પકડાયા

બારડોલીઃ બારડોલી પોલીસ સ્ટાફ સરભોણ ચોકડી નજીક વાહન ચેકિંગમાં હતા. તે દરમ્યાન બે ટ્રકને અટકાવવા જતાં ટ્રક ચાલકો પુરઝડપે હંકારી ભાગવા જતાં તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. બારડોલી ટ્રાફિક પોલીસ તા.૨૪-૯-૨૦૧૭ના રોજ સાંજે ૫ વાગ્યાની આસપાસ વાહન ચેકિંગમાં ઊભા હતા. તે દરમ્યાન એક ટ્રક નંબર જીજે ૧૯ ટી ૩૬૧૮નો ચાલક દીપકભાઈ ધીરૂભાઈ રાઠોડ (રહે, ઈટારવા, પાદર ફળિયું, તા.પલસાણા) અને અન્ય એક ટ્રક નંબર જીજે ૫.એવી.૬૨૩૬નો ચાલક નઈમ યાસીન અંસારી હાલ રહે, પરવત પાટિયા, ભૈયાનગર, સુરત મૂળ રહે, સિહોરા ગામ (યુ.પી)ને અટકાવવાની કોશિષ કરતાં બંનેએ ટ્રકને હંકારી જતાં પોલીસ જવાનોએ તેને અટકાવી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### બારડોલી સુગર ફેક્ટરીમાં બોઈલર પ્રજવલન વિધિ કરાઈ



બારડોલીઃ બારડોલી સુગર ફેક્ટરી ખાતે ૨૦૧૭-૧૮ની પીલાણ સિઝન માટે બોઈલર પ્રજવલન વિધિ કરવામાં આવી હતી. બારડોલી સુગર ફેક્ટરીમાં વર્ષ ૨૦૧૭-૧૮ની શેરડી પીલાણની સિઝન માટે મંગળવારે ફેક્ટરીમાં સવારે ૧૦ કલાક દરમ્યાન બોઈલર પ્રજવલન વિધિ સુગરના ઉપપ્રમુખ ભાવેશ પટેલના હસ્તે કરવામાં આવી હતી. અને આ પ્રસંગે એમ.ડી. પંકજભાઈ પટેલ, તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ઉપસ્થિત રહ્યા હતા. અને નવી પીલાણ સિઝન માટે ૨૫ ઓક્ટોબરની આસપાસ શેરડી કાપણી શરૂ કરવામાં આવશે તેમ જાણવા મળે છે.

### બારડોલી સુગર ફેક્ટરીના ગ્રામ પ્રતિનિધિની સભામાં હાડવેસ્ટીંગનો હિસાબ મંજૂર



બારડોલીઃ બારડોલી સુગર ફેક્ટરીના ગ્રામ પ્રતિનિધિ સભા મંગળવારે મળી હતી. જેમાં હાડવેસ્ટીંગનો હિસાબ સર્વાનુમત્તે મંજૂર કરવામાં આવ્યો હતો. બારડોલી સુગરમીલના ગ્રામ પ્રતિનિધિની એક સભા સંસ્થાના પ્રમુખ રમણલાલ પટેલના અધ્યક્ષ સ્થાને કેદારેશ્વર મંદિરના હોલમાં મળી હતી. સભામાં વર્ષ ૨૦૧૬-૧૭નો હાડવેસ્ટીંગનો હિસાબ મંજુર કરાયો હતો. સભામાં નોમીનલ સભાસદ અને સભાસદની રોપણીની એક તારીખ અંગે સંસ્થાના પ્રમુખે ખુલાસો કર્યો હતો. જોકે મળતી માહિતી મુજબ હાલમાં થયેલ ૧૨,૮૫૩ એકરમાં થયેલા રોપાણમાં નોમીનલ સભાસદોના નામે ઓછું રોપાણ નોંધાવ્યું હોવાનું જાણવા મળે છે. સભામાં સુગરમીલને સ્પર્શતા કેટલાક સૂચનો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ ભાવેશ પટેલ, એમ.ડી. પંકજ પટેલ, તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હાજર રહ્યા હતા.

### બારડોલી નગરપાલિકાની કારોબારી મિટિંગમાં વિકાસના કામોની ચર્ચા કરાઇ

બારડોલીઃ બારડોલી નગરપાલિકાની કારોબારીની સભા તા.૨૫-૯-૨૦૧૭ના રોજ પાલિકાના સભાખંડમાં કારોબારી અધ્યક્ષ ઉદયસિંગ સેંગારના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં નામ, આકારણી તથા હેતુફેરને લઈ ચર્ચા કરવામાં આવી હતી. જયારે તા.૩૦-૯-૨૦૧૭ના રોજ કેબિનેટ મંત્રી ગણપતભાઇ વસાવા તેન રોડનું ખાતમુહૂર્ત વિધિ કરવા આવનારા છે. ત્યારે બારડોલી પાલિકાના ૨૦થી ૨૨ કરોડના કામો જેવા કે રસ્તા, રામજીમંદિર નજીકનો ઓવરબ્રિજ, વરસાદી પાણીની લાઇન, વર્ષ ૨૦૧૭-૧૮ના નાણાંપંચમાંથી તેમજ સ્વર્ણિમ યોજના અંતર્ગત વિવિધ કામોના ખાતમુહૂર્ત ગણપત વસાવાના હસ્તે કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે પાલિકા દ્વારા નગરમાં વિવિધ વિકાસના કામોના ખાતમુહૂર્ત કરી ઝડપી કામો થાય તે દિશામાં કામગીરી હાથ ધરી છે.

# પેટ્રોલ- રાંધણ ગેસના ભાવવધારાના વિરોધમાં અંકલેશ્વર-ઝઘડિયામાં કોંગ્રેસની બળદગાડા રેલી

અંકલેશ્વરઃ સોમવારે અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ ભરત જે. પરમારની આગેવાનીમાં પેટ્રોલ, ડિઝલ, તેમજ રાંધણ ગેસના ભાવમાં ધરખમ વધારાના વિરોધમાં સાયકલ રેલી તેમજ બળદગાડા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલી અંકલેશ્વર ત્રણ રસ્તા સર્કલથી શરૂ થઇ મામલતદાર કચેરી પહોંચી હતી. આ કાર્યક્રમમાં અંકલેશ્વર-હાંસોટ વિધાનસભા યુથ કોંગ્રેસ પ્રમુખ ભરત જે પરમાર દ્વારા પ્રાંત અધિકારી અંકલેશ્વરને ભાવવધારા ખેંચવા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. રેલીમાં મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસના હોદેદારો, કાર્યકરો, આગેવાનો, અંકલેશ્વર હાંસોટ તાલુકા કોંગ્રેસના પ્રમુખો નગરપાલિકાના સભ્યો તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતના સભ્યો હાજર રહયા હતા. ઝઘડિયામાં પણ આ જ પ્રકારે રેલી યોજાઈ હતી



સુરેશ ગાંધી

# ભરૂચ જિલ્લા ટ્રાવેલ્સ એસોસિએશને શ્રવણ ચોકડી પાસે કંપનીની બસો અટકાવતા કામદારો અટવાયા

**દહેજ** અને વાગરાના ઉદ્યોગોના કામદારોને લાવવા-લઇ જવા માટે જિલ્લા બહારની ટ્રાવેલ્સ એજન્સીઓને કોન્ટ્રાકટ આપવાનો ઉગ્ર વિરોધ



ભરૂચઃ દહેજ અને વાગરા સહિતના ઔદ્યોગિક એકમોમાં કામદારોને લાવવા-લઇ જવા માટે જિલ્લા બહારની ટ્રાવેલ્સ એજન્સીઓને કોન્ટ્રાકટ આપવા બાબતે જિલ્લા કલેકટરને ઉગ્ર રજૂઆત કર્યા બાદ સોમવારે જિલ્લા ટ્રાવેલ્સ એસોસિએશને શ્રવણ ચોકડી પાસે કામદારોને લઇને જતી લકઝરી બસોને અટકાવી ચક્કાજામ કરતા મામલો ગરમાયો હતો. તો બીજીબાજુ કંપનીના કામદારો પણ અટવાયા હતા.

ભરૂચ જિલ્લા ટ્રાવેલ્સ એસોસિએશન છેલ્લા કેટલાક સમયથી જિલ્લા બહારની એજન્સીઓને કોન્ટ્રાકટ આપવાના વિરૂધ્ધમાં મેદાને પડયું છે. જિલ્લા બહારની એજન્સીઓને લકઝરી બસો સહિતનો કોન્ટ્રાકટ આપવાથી ભરૂચ જિલ્લાની ટ્રાવેલ એજન્સીઓ, ડ્રાઇવરો, કંડકટરો સહિતના લોકોની રોજગારી સામે ખતરો ઉભો થતા ટ્રાવેલ એજન્સીએ જિલ્લા બહારની એજન્સીઓ સામે અવાજ ઉઠાવ્યો છે. અગાઉ જિલ્લા કલેકટરને આ અંગે આવેદનો આપવા છતાં પણ બહારની એજન્સીઓને કોન્ટ્રાકટ આપવા પર રોક લાગી નથી. જેના કારણે જિલ્લાની ટ્રાવેલ એજન્સીઓના સંચાલકોમાં રોષ ઉભો થયો છે. બે દિવસ પહેલા પુનઃ જિલ્લા કલેકટરને આવેદન આપ્યા બાદ સોમવારે ટ્રાવેલ એજન્સીઓના સંચાલકોએ શ્રવણ ચોકડી પાસે ચક્કાજામ કર્યો હતો. જેમાં કંપનીના કામદારોને લઇ જતી લકઝરી બસોને અટકાવતા એક તબક્કે વાહન વ્યવહાર ઠપ થઇ ગયો હતો. જેમાં કંપનીઓના કામદારો પણ અટવાયા હતા. જોકે ભરૂચ પોલીસે તત્કાલ શ્રવણ ચોકડી પાસે દોડી જઇ દરમિયાનગીરી કરી મામલો થાળે પાડયો હતો.

# ભરૂચ-દહેજ બિસ્માર રોડનું રિપેરીંગ શરૂ કરાતાં આંદોલન મોકુફ

ભરૂચઃદહેજ રિલાયન્સ ઈન્ટુક યુનિયન તેમજ ભરૂચ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સંયુકત રીતે કેશરોલ ટોલટેક્ષ પર ભરૂચ-દહેજ બિસ્માર રોડના વિરોધમાં શરૂ થનાર આંદોલન મોકૂફ રાખવામાં આવ્યું છે.

દહેજ રિલાયન્સ ઈન્ટુક યુનિયન દ્વારા દહેજ-ભરૂચ વચ્ચેના બિસ્માર રોડ બાબતે તા.૦૪/૦૯/૨૦૧૭ના રોજ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી બિસ્માર રોડના રિપેરીંગ કરવામાં નહીં આવે તો આંદોલનની ચિમકી આપી હતી. ૨૦ દિવસ પૂર્ણ થવા છતાં કોઈ કામગીરી શરૂ ન કરાતા દહેજ રિલાયન્સ ઈન્ટુક યુનિયન અને ભરૂચ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા સંયુકત પરિપત્ર જાહેર કરી તા.૨૫/૦૯/૨૦૧૭ના રોજ બપોરે ૨:૦૦ કલાકે કેશરોલ ટોલટેક્ષ પર રસ્તા રોકી ટોલટેક્ષ બંધ કરવા ચિમકી આપી હતી. જેના પગલે વહીવટી તંત્ર દ્વારા ખળભળાટ મચી ગયો હતો. જેના પગલે તા.૨૫મીના રોજ સવારથી જ યુધ્ધના ધોરણે રોડ બનાવવાની કામગીરી શરૂ કરતા સોમવારે બપોરે ૨:૦૦ વાગ્યેનું આંદોલન મોકૂફ રાખવામાં આવ્યુ છે. તંત્ર દ્વારા રોડની કામગીરી શરૂ કરાતાં દહેજ જીઆઇડીસી કર્મચારીઓ તેમજ ભરૂચ દહેજ વચ્ચેના ગામડાના લોકોમાં ખુશીની લાગણી વ્યાપી ગઇ હતી.

# પરીયેજના યુવાનની હત્યા તેના ભાઈના પ્રેમ પ્રકરણના કારણે થયાની આશંકા

**મૃત્યુ પામનાર** ભૂપેન્દ્રનો ભાઈ યુવતીને ભગાડી જતાં બંને પરિવાર વચ્ચે વિખવાદ ચાલતો હતો

**તેના ભાઈ** અને યુવતીને શોધતો ભૂપેન્દ્ર પોતે બે દિવસથી ગુમ હતો

ભરૂચઃભરૂચ તાલુકાના પરીયેજ ગામના યુવાનની ઘાયલ અવસ્થામાં લાશ બાવા રૂસ્મતથી સીતપોણ વચ્ચે આવેલા ખેતરો નજીકની અવાવરૂ જગ્યામાંથી મળી આવતા ચકચાર મચી છે. મૃતકના પરિવારજનોએ યુવાનની હત્યા કરી તેની લાશ ફેંકી દેવાઇ હોવાની આશંકા વ્યક્ત કરતા પોલીસે તે દિશામાં તપાસને આગળ વધારી છે.

ભરૂચ તાલુકાના પરીયેજ ગામે રહેતો ભૂપેન્દ્ર હિંમતભાઇ રોહિત ભરૂચ રેલવે સ્ટેશન નજીક કરોના હોટલમાં નોકરી કરતો હતો. બે દિવસથી ભૂપેન્દ્ર લાપત્તા હતો. જેની લાશ બાવા રૂસ્તમથી સીતપોણ વચ્ચે આવેલા ખેતરો નજીક અવાવરૂ જગ્યામાંથી મળી આવી હતી. ખેતરોમાં આવતા જતા ખેડૂતોએ લાશને જોતા તેમણે સીતપોણના સરપંચને જાણ કરી હતી. સીતપોણ ગામના સરપંચે ઘટનાસ્થળે આ અંગે પરીયેજ ગામના સરપંચને જાણ કરી હતી. જેમણે મૃતક ભૂપેન્દ્ર રોહિતના પરિવારને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ભરૂચ તાલુકા પોલીસને બનાવની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઇ હતી. જ્યાં મૃતકના પરિવારજનોએ ભૂપેન્દ્રની હત્યા કરીને તેની લાશ ફેંકી દેવાઇ હોવાની આશંકા વ્યક્ત કરી હતી. જેના આધારે પોલીસે તે દિશામાં પોતાની તપાસને આગળ વધારી હતી.

**ભૂપેન્દ્રનો ભાઇ ગામની જ યુવતીને ભગાડી જતા તેની હત્યા કરાઇ હોવાની આશંકા**

ભૂપેન્દ્ર રોહિતનો ભાઇ એક મહિના પહેલા ગામમાં જ રહેતી એક યુવતી સાથે ભાગી જતા બંને પરિવાર વચ્ચે વિખવાદ ઉભો થયો હતો. યુવતીના પિતા સહિતના પરિવારજનોએ ભૂપેન્દ્રને તેમની પુત્રીને શોધી આપવા માટે દબાણ કર્યું હતું અને જો શોધી ન આપે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને લઇ છેલ્લા કેટલાક દિવસથી ભૂપેન્દ્ર તેમની સાથે જ તેના ભાઇ અને યુવતીની શોધખોળ કરતો હતો. દરમિયાન બંનેનો પત્તો ન લાગતા યુવતીના પરિવારજનોએ તેની હત્યા કરી હોવાની આશંકા વ્યક્ત કરાઇ હતી.

**બે દિવસ પહેલા નકલી પોલીસે ઉઠાવી જઇ માર માર્યો હોવાના અહેવાલ**

મૃતકના પરિવારજનોની વાતચીતમાં એક ચોંકાવનારી હકીકત પણ બહાર આવી હતી. જેમાં બેથી ત્રણ દિવસ પહેલાં પોલીસ કરોના હોટલ પરથી ભૂપેન્દ્રને ઉઠાવી ગઇ હતી અને તેને માર માર્યો હતો. આ અંગે ભૂપેન્દ્રએ ગામમાં તેના મિત્રોને પણ જાણ કરી હોવાના અહેવાલ મળી રહ્યા છે. જોકે આ ઘટના અંગે તાલુકા પોલીસે કોઇ પુષ્ટી આપી ન હતી. જેને લઇ કોઇ અજાણી વ્યક્તિઓ પોતે પોલીસ હોવાનું જણાવી ભૂપેન્દ્રને લઇ જઇ માર માર્યો હોવાની ચર્ચા ઉઠી હતી.